# ધનસુરા તાલુકાના લછઈ-આમોદ્રા ગામ સંપર્ક વિહોણા

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જીલ્લા મા આજે પણ અનેક ગામો એવા છે કે જેના પેટા પરા સમાન વિસ્તારોને વરસાદના પાણી વિખુટા પાડી દે છે . ધનસુરા તાલુકાના બક્ષીપંચ ની વસ્તી ધરાવતું આમોદરા અને મોડાસા તાલુકાનું લચ્છાઈ ગામ તેનું જીવંત ઉદાહરણ છે આ બંને ગામો હાલમાં આવેલા વાંઘા અને નદી મા આવેલા પુર જેવા પાણી થી વિખુટા પડી ગયા છે.

છેલ્લા ચાર દિવસથી અરવલ્લી જીલ્લામાં તમામ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ વરસી ]છે વરસાદ એક તરફતો ખેડૂતો માટે ખુશહાલી બન્યો છે ત્યારે બીજી તરફ ધનસુરા તાલુકા નાં આમોદરા ગામ માટે મુશ્કેલી રૂપ પણ બન્યો છે આમોદરા ગામ ૪૦૦ થી વધુ મકાનોની વસ્તી ધરાવતું ગામ છે આ ગામ નાં ૪૫ થી વધુ પરિવારો વાંઘા ની બીજી તરફ નાં વિસ્તાર મા વસવાટ કરેછે આ ૪૫ પરિવારો હાલમા વાંઘા મા આવેલા પાણીના કારણે પોતાના મુખ્ય ગામ થી વિખુટા પડી ગયા છે તો બીજી તરફ અમોદરા ગામમા જો કોઈ સ્વજન મૃત્યુ પામે તો સ્મશાને લઈ જવા માટે પણ ભારે મુશ્કેલી ઉભી થાય તેમ છે આમોદરા નાં પેટાપરા સમાન ૪૫ ઘરો ની વસ્તી નાં બાળકોને શિક્ષણ મેળવવા માટે પણ ભારે મુશ્કેલી દર વર્ષે ચોમાસાની ઋતુ મા વેઠવી પડેછે મોટા ભાગે ચોમાસામાં ત્રણ મહિના સુધી શાળા , કોલેજ,અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓ ને ફરજીયાત પણે વેકેશન પાડવું પડેછે ત્યારે અનેક રજુઆતો કરવા છતા ઉકેલ માટે તંત્ર કે નેતા ઓ ધ્વારા કોઈજ કાર્યવાહી ન કરાતા ગ્રામજનો ટ્રસ્ટ બની ગયા છે.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

મોડાસા તાલુકાના લચ્છાઈ ગામની પણ સ્થિતિ આઝાદીના દાયકાઓ પછી પણ જૈસેથે રહેવા પામી છે વરસાદની સિઝનમાં આ ગામ વરસોની પરમ્પરા નાં જેમ નદીમાં પાણી આવી ગયા બાદ વિખૂટું પડી જાય છે આ ગામ નાં ૭૦ થી વધુ પરિવારોની હાલત પણ ચોમાસા ની ઋતુ મા કફોડી બની જાય છે આ ગામના ૯૦ થી વધુ બાળકો ને પણ પોતાના અભ્યાસ નો ભોગ આપવો પડેછે લચ્છાઈ નદી પર ડીપ બાંધવામાં માટે ગ્રામજનો એ વખતો વખત રાજકીય નેતા ઓ અને વહીબતી તંત્ર સમક્ષઅનેક વાર લેખિત અને મૌખિક રજુઆતો કરી હોવા છતા માત્ર આશ્વાસન સિવાય કોઈજ -ત્યુતર ન મળતા હાલમાં આ ગામ વિખૂટું પડીગયું છે આવા સંજોગોમાં જો કોઈ બીમાર પડેતો હાથવગા ઉપચાર સમાન ટ વૈદ્ય કર્યા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી ત્યારે આ ગામની દાયકાઓ જૂની સમસ્યા નો તાકીદે હાલ લાવવામાં ક્યારે આવેછે તે મોટો છે.

# ખેડબ્રહ્માના જૂની મેત્રાલ ગામે હરણાવ નદીમાં ફસાયેલા ૧૨૫ વ્યક્તિઓને બચાવાયા

## ૬ કલાક બાદ બોટની મદદથી હેમખેમ તમામને બચાવી દેવાયા

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મા તાલુકાના જુની મેત્રાલ ગામે ૨૫ રબારી, ૧૨૫ માલધારીઓ ૬૦૦ પશુઓ સાથે પડાવ નાખી પડ્યો હતો. ત્યારે હરણાવ નદીમાં વરસાદને લીધે ઓચિંતા પાણી આવતા આ પરિવારો નદીના પ્રવાહમાં ફસાઈ ગયા હતા. આમ ૬ કલાકની લાંબી જહેમત બાદ આ તમામ પરિવારોને હેમખેમ નદીના પુરમાંથી બચાવી લેવામાં આવ્યા હતા.




(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

દાંતા તાલુકાના વાલાપુરા માંકડી ગામના કર્માજી રબારી સહિતના ૨૫ પરિવારના ૧૨૫ સ્ત્રી-પુરૂષ અને બાળકો સાથે ૬૦૦ જેટલા પશુઓને લઈ ખેડબ્રહ્માના જૂની મેત્રાલ ગામ પાસે હરણાવ નદીના પટમાં પડાવ નાખ્યો હતો. દરમિયાન હરણાવ નદીના ઉપરવાસમાં ભારે વરસાદ પડતા અને ખેડવા ડેમના ત્રણ દરવાજા ખોલાતા નદીમાં ધોડાપુર આવ્યા હતા જેથી બુધવારે વહેલી સવારે ૬ વાગ્યાના સુમારે આ રબારી પરિવાર નદીના પટમાં ફસાઈ જવા પામ્યા હતા. જેની જાણ ખેડબ્રહ્મા મામલતદાર એમ.એન. મોદીને થતા તેઓએ સર્કલ ઓફિસર હર્ષ પરમાર તથા પ્રિયંક પટેલ સહિતના અધિકારીઓની ટીમો સાથે જૂની મેત્રાલ ગામે દોડી આવ્યા હતા અને ફસાયેલા માલધારી પરિવારોને બચાવાવની કામગીરી હાથ ધરી હતી. ૭ કલાકની જહેમત બાદ તંત્રની ટીમોએ માલધારીઓના પરિવારજનોને હેમખેમ બચાવ્યા હતા. આ બચાવ કામગીરીમાં નાયબ કલેક્ટર વિશાલ સકસેના, જિલ્લા પોલીસ વડા પી.એલ. માલ તથા ડીવાયએસપી જ્યોતિ પટેલ સહિતના ઉચ્ચ અધિકારી પણ બનાવ સ્થળે દોડી આવ્યા હતા.

# ઈડરમાં નવ, હિંમતનગર, પ્રાંતિજ, વિજયનગરમાં આઠ ઈંચ વરસાદ

સાબરકાંઠા જિલ્લાના ચાર દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે ત્યારે જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ ઈડરમાં નવ ઈંચ નોંધાયો હતો,જ્યારે બુધવારે દિવસ દરમિયાન સૌથી વધુ વરસાદ આઠ ઈંચ પોશીનામાં ખાબક્યો હતો. જે જિલ્લા ડીઝાસ્ટર કચેરીએથી જાણવા મળ્યું હતું. સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી વરસાદની હેલી ચાલુ રહી હતી. જિલ્લામાં બુધવારે પણ વરસાદ ચાલુ રહ્યો હતો. માત્ર હિંમતનગરમાં બપોર બાદ વરસાદે વિરામ લીધો હતો જ્યારે અન્ય સાત તાલુકામાં વરસાદ ચાલુરહ્યોહતો. જિલ્લામાંછેલ્લા ચોવીસ કલાકમાં સૌથી વધુ વરસાદ ઈડર તાલુકામાંનવ ઈંચ વરસાદ નોંધાયોહતો. જ્યારે હિંમતનગર, ઈડર અને પ્રાંતિજમાં આઠ-આઠ ઈંચ અને ખેડબ્રહ્મા, પોશીના, વડાલીમાં છ૭-છ૭ ઈંચ અને તલોદમાં પાંચ ઈંચ વરસાદ નોંધાયો હતો.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

બીજી તરફ બુધવારે દિવસ દરમિયાન સવારે ૬ થી સાંજના ૬ વાગ્યા સુધીમાં ૧૨ કલાકમાં સૌથી વધુ વરસાદ પોસીનામાં આઠ ઈંચ, ઈડરમાં પાંચ, વડાલીમાં ચાર, ખેડબ્રહ્મા અને વિજયનગરમાં ત્રણ-ત્રણ, હિંમતનગર, પ્રાંતિજ અને તલોદમાં એક ઈંચ વરસાદ નોંધાયો હતો.

# મોડાસા શહેરના અનેક સોસાયટીઓ બેટમાં ફેરવાઈ

મોડાસા,તા. ૨૯

અરવલ્લી જિલ્લામાં શનિવારે સાંજથી મેઘરાજાએ ગાજવીજ સાથે પડાવ નાખતાં મોડાસા શહેરની અનેક સોસાયટીમાં પાણી ભરાઈ જતાં ટાપુ જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. મોડાસા નગરપાલિકાના વહીવટીતંત્રની જાણે હવા નીકળી ગઈ હોય તેવો માહોલ આખા નગરમાં સર્જાયો હતો. ચોમાસાની ઋતુના પ્રારંભે જ વરસાદે ધબધબાટી બોલાવી દેતા આ સીઝનમાં મેહુલીયાએ મોડાસાના નગરપાલિકાના પ્રી.મોન્સુન પ્લાનની કામગીરી ફક્ત કાગળ પરજ નિર્ભર હોવાની પોલ ખોલી દીધી હતી. મોડાસાની રહેણાંક ૨૦ સોસાયટીઓમાં પાણી કેડ સુધી ભરાતાં નગરજનોમાં રોષ જોવા મળ્યો હતો.

મોડાસા શહેરમાં શનિવાર સાંજથી સતત એકધારો ભારેથી અતિભારે વરસાદ વરસતાં મોડાસા નગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સુન પ્લાન ફક્ત કાગળીયા પર કામ બતાવી મોડાસા નગરપાલિકાની ગટરો સાફ સફાઈ બરાબર થઈ ન હોવાથી તેમજ મનપાની વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલી ભુગર્ભ ગટરયોજનાની પોલ ખોલી જવા જેવો ઘાટ સર્જાયો છે. મોડાસા નગરપાલિકામાં લાખ્ખો રૂપિયાની ગ્રાન્ટ આવવા છતાં નગરપાલિકાના સત્તાધીશો દ્વારા અણઘડ વહીવટ કે પછી ભ્રષ્ટાચાર સિવાય કોઈ કામગીરી કરવામાં ન આવતાં મોડાસા શહેરના હાલ બેહાલ થઈ ગયા હતા. દર વર્ષે મોડાસા શહેરની ચોમાસામાં વરસાદી પાણી ભરાઈ જવાની સમસ્યા થતી હોવાથી મોનપા દ્વારા લાખ્ખો રૂપિયાની ગટર યોજનામાં ખર્ચાયેલા નાણા પાણીમાં વહી ગયા હોવાની સાથે વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે તદ્દન નિષ્ફળ ગઈ છે. શહેરની સોસાયટીઓમાં ચારેબાજુ પાણી ભરાઈ જતા સોસાયટી વિસ્તારના પ્રજાજનો કામ અને બાળકોનો અભ્યાસ ૪ દિવસ સુધી અટવાઈ ગયો હતો. મોડાસાના હાર્દસમા વિસ્તાર ચાર રસ્તાની પ્રાથમિક શાળા, બસસ્ટેન્ડ અને બસસ્ટેન્ડ પાછળની સોસાયટીઓ, મોડાસા કોલેજ રોડ પર આવેલી મખદૂમ નગર, અમન પાર્ક સોસાયટી, દરિયાઈ સોસાયટી, ટ્રાન્સપોર્ટનગર, માલપુર રોડ પર રત્નદિપ સોસાયટી, માનવપાર્ક, મેઘરજ રોડ પર આવેલી જીવનજયોત, પ્રણામીનગર સોસાયટી જેવી અનેક સોસાયટીઓમાં પાણી ભરાઈ જતાં હોબાળો મચી ગયો હતો. મોડાસા શહેરમાં મોડાસા નગરપાલિકા દ્વારા ત્રણ-ત્રણ વાર ભુગર્ભ ગટર યોજના બનાવવા છતાં મોડાસાની વીસથી વધુ સોસાયટીઓ વરસાદી પાણીથી જળબંબાકાર બની જતાં સોસાયટીના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. મોડાસા શહેરના લક્ષ્મી શોપિંગ સેન્ટર, શ્યામસુંદર શોપિંગ સેન્ટર સહિતના અન્ય કોમ્પલેક્ષ પાણીથી તરબોળ થઈ ગયા હતા.

## શબ્દાવલી - ૫૮૦૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ૩ | ■ | ૪ | |
| | ■ | ૫ | | | | | ■ |
| ૬ | | ૭ | ■ | | ■ | ૮ | ૯ |
| | ■ | ૧૦ | | ■ | ૧૧ | ■ | |
| ■ | ૧૨ | | ■ | ૧૩ | | | |
| ૧૪ | | | ■ | ૧૫ | | ■ | ■ |
| ૧૬ | | ■ | ■ | ૧૭ | | | ૧૮ |
| | ■ | ૧૯ | | | | ■ | |

### આડી ચાવી

૧. લમણાકૂટ, માથાકુટ (૫)
૪. ડોસીમા (માનવાચક) (૨)
૫. તબલા વગાડનાર (૪)
૬. તબલા વગાડનાર (૪)
૮. વજ બનાવવા પોતાના હાડકા આપનાર પ્રસિદ્ધ ઋષિ (૩)
૧૦. સાચું (૨)
૧૨. .... શો, મોટી મોટી ચીજવસ્તુઓનું પ્રદર્શન યોજાય ત્યાં આવું નામ અપાય છે (૨)
૧૩. પરણેલી, પત્ની (૩)
૧૪. વાદી, ગારુડી (૩)
૧૫. ત્યાં, ન્યાં (૨)
૧૬. એક માપ (૨)
૧૭. હવાલદાર (૪)
૧૯. ભાગીદાર (૪)

### ઊભી ચાવી

૧. મગના લોટના લાડુ (૪)
૨. મા, મમ્મી, માતાજી (૨)
૩. રીબીન, બોપટ્ટી (૩)
૪. દીવાસળીનું પેકેટ (૩)
૭. અંગોરો (૪)
૯. ત્યાજાયેલ સ્ત્રી (૩)
૧૧. એક મેળાનું નામ.... તો મેળો (૫)
૧૨. ચોગાન, ખુલ્લી જગ્યા, પ્લોટ (૩)
૧૩. મકાઇની ધાણી (૪)
૧૪. વટાણા, એક કઠોળ (૩)
૧૮. મઠા જેવી છાશ-દૂધનું શરબત (૨)

### શબ્દાવલી ૫૮૦૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) હડતાલ (૪) બજર (૭) વાચક (૮) ખદબદ (૯) ઇકા (૧૦) ગોપના (૧૧) જરો (૧૨) બાતમીખાનુ (૧૫) રાજા (૧૬) ડોક (૧૭) જળજળીયા (૧૯) હોરહાન (૨૨) ધમની (૨૩) મજાક

**ઊભી ચાવી :-** (૧) હવાઇ જહાજ (૨) ડચકોરો (૩) તાક (૪) બદનામી (૫) જબ (૬) રદ (૮) ખપત (૧૦) ગોબાજાળી (૧૩) ખાડો (૧૪) નુકશાન (૧૫) રાજધાની (૧૮) યાહોમ (૨૦) રજા (૨૧) હાક

## સાબરમતી બે કાંઠે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પાણી જોવા શાહપુર બ્રીજ, સંત સરોવર તેમજ ચિલોડા બ્રીજ નજીક મોટી સંખ્યામાં એકત્ર થયા હતા.

સાબરમતી નદીમાં પાણી છોડાતા ગાંધીનગર, માણસા અને કલોલ તાલુકાના ૨૮ ગામોમાં સાવચેતીના પગલાં લેવા માટે તંત્ર સંપૂર્ણ એલર્ટ મોડમાં કામ કરી રહેલ છે.

આજે આખો દિવસ વરસાદે સવારના હળવા ઝાપટા બાદ વિરામ લેતા તંત્રની કામગીરીમાં ગતિ આવી છે તેમજ નદી કિનારાના લોકોને સલામત સ્થળે ખસી જવા પણ સૂચનાઓ અપાઈ ચુકી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લાની ચારેય નદીઓમાં પાણીની નવ ીઆવક થતાં જિલ્લાના ભૂગર્ભ પાણીના સ્તર સારા એવા ઉચા આવશે. સાબરમતી નદી ઉપરાંત ખારી, મેશ્વો અને વાત્રક નદીના પાણીને વધાવવા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હીના પટેલ સંત સરોવર પહોંચ્યા હતા.

ખારી, વાત્રક નદીના ૫૧ કાંઠાના ગામોમાં દહેગામના ઈન્ચાર્જ મામલતદાર શ્રી વિરમભાઈ દેસાઈએ તાલુકાના અધિકારીને સાથે રાખી અને ગ્રામજનોને નદીમાં વધી રહેલી જળસપાટીની જાણ કરી નદી તરફ નહિ જવા સૌને ચેતવ્યા હતા.

જિલ્લા કલેકટર શ્રી રવિશંકર માણસા તાલુકાના લાકરોડા વિયર પર ગયા હતા તેમજ સાબરમતી નદી કાંઠાના મહુડી અનોડિયા સહિતના ગામોની મુલાકાત લઈ તંત્રને ધરોઈમાંથી આવી રહેલા પાણીને પગલે સાવચેતીના પગલાં લેવા માટેનું જરુરી માર્ગદર્શન આપી તેમણે ગ્રામજનો સાથે પણ બેઠક કરી સચેત રહેવા તાકીદ કરી હતી.

પ્રાંત અધિકારી શ્રી રાકેશ વ્યાસે પણ સાદરા, ઈન્દ્રોડા, ધોળાકુવા, શાહપુર સહિતના ગામોની મુલાકાત લઈ તંત્ર દ્વારા લેવામાં પગલાંની સમીક્ષા કરી લોકોને નદી તરફ ન જવા અપીલ કરી સાથે સચેત કર્યા હતા.

## પાણી પુરવઠો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જુના તેમજ નવા સેકટરોમાં પાણી આપી શકાયુ ન હતુ. પાણી પુરવઠો સપ્લાય ન થતા નગરજનોએ પારાવાર હાલાકી વેઠવી પડી હતી. જીઈબી ના થાંભલાઓ પર વૃક્ષો ધરાશાયી થતા પમ્પીંગ સ્ટેશનમાં પાવર સ્પલાય બંધ થઈ ગયો હતો. જેના પરિણામે નર્મદાનુ પાણી નગરના સંપમાં સપ્લાય થઈ શકયુ ન હતુ. સવારે અચાનક જ પાણી ન આવતા નગરજનોમાં અચરજ સાથે આક્રોશ પ્રવર્તયો હતો. કેટલાક કિસ્સામાં ટેન્કર મારફતે પાણી મંગાવવા કોલ કરવામાં આવ્યા હતા. પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં વિજળી ડૂલ હોવાથી ગામડાઓમાંથી પુરી પાડવામાં આવતી ટેન્કર સેવા પણ ખોરવાઈ ગઈ હતી. જેના પરિણામે સવારથી જ સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી હતી. વરસાદી સમસ્યાઓથી ત્રસ્ત શહેરીજનોને પાણી ન મળતા રોષે ભરાયા હતા.રોજ વપરાશના પાણીના અભાવે ગૃહીણીઓના કામો પણ અટવાઈ પડયા હતા. જો કે દિવસ દરમિયાન સમારકામ પૂર્ણ થઈ જતા નગરજનોને સાંજે ૬ કલાકે પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવ્યો હતો.વરસાદી વતાવરણમાં રોજબરોજ અનેક સમસ્યાઓ આફતરૂપ બની રહી છે. આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી વિજ પ્રવાહ ખોરવાઈ જતા ગ્રામજનોને પાણી પણ નસીબ થતુ નથી. જયારે આજે શહેરી વિસ્તારમાં પણ પાણીની પોકાર ઉઠવા પામી હતી.

# ટેટ-૨ પરીક્ષા : મોડાસાના ન્યુ લીપ કેન્દ્રની ગેરરીતિ પર ઢાંકપીછોડો

બાયડ, તા. ૨૯

ગત રવિવારે અપર લેવલ -ાથમિક શાળામાં શિક્ષકની ભરતી માટેની ફરજીયાત ટેટર પરીક્ષા યોજાઈ હતી જેમાં મોડાસાના ન્યુ લીપ ઈન્ટરનેશનલ સ્કુલમાં બ્લોક નં.૭ માં ગેરરીતીની ગંભીર ફરિયાદ બહાર આવ્યા પછી જવાબદાર અધિકારી અને મળતિયાએ સ્ટાફે સમગ્ર -કરણને દબાવી દેવા માટે એડી ટોચનું જોર લગાવ્યાના આક્ષેપ થયા છે. પરીક્ષા દરમ્યાન -થમ થી છેલ્લી પાટલી સુધી બેઠેલા ઉમેદવારોના દ્રશ્યો સી.સી.ટીવી કેમેરામાં કેદ થાય તે રીતે આયોજન કરવાની સૂચના હોવા છતાં માત્ર અડધારૂમના દ્રશ્યો જ કેદ થાય તે -કારની વ્યવસ્થા એકમાત્ર આ કેન્દ્રમાં થતાં વ્યાપક -કારની ગેરરીતીની આશંકા સેવા છે. જયારે ઉમેદવાર વિશાલ ચૌધરીએ ગેરરીતી આચર્યાની ફરિયાદ કર્યા પછી પણ તંત્ર યોગ્ય તપાસ કરવાના બદલે માત્ર રીપોર્ટ ઉચ્ચ કક્ષાએ મોકલ્યા છે તેવું રટણ શરૂ કરી દીધું છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તથા ટીંટોઈના કુલ૧૬ પરીક્ષા કેન્દ્રો ઉપર ટેટર પરીક્ષાનું આયોજન થયું હતું જેમાં મોડાસાના ન્યુ લીપ ઈન્ટરનેશનલ સ્કુલના પરીક્ષા કેન્દ્રમાં બ્લોક નં.૭માં ખંડ સપરવાઈઝર મહિલા ઉમેદવારને બિન્દાસ્ત મદદ કરતો હોવાની ફરિયાદ અન્ય ઉમેદવાર વિશાલ ચૌધરીએ કર્યા પછી તંત્રએ જાણે કે પહેલાંથી જ તળીયાથી ટોચ સુધી સેટીંગ હોય તેમ વિલંબથી તપાસ હાથ ધરી હતી. ખંડ નિરીક્ષકે તો વિશાલ ચૌધરીની ફરિયાદ લક્ષમાં લીધી ન હતી અને સેવક તરીકે નિયુક્ત થયેલા કર્મચારી દ્વારા મહિલા ઉમેદવારને કાપલીઓ અપાતી હોવાનો આક્ષેપ કરાયો છે. ઉમેદવારોને અન્યાય થાય તેવી પરીક્ષાના આયોજનથી ઉકળી ઉઠેલા ઉમેદવાર વિશાલ ચૌધરીએ ઓ.એમ.આર. સીટ ફાડી નાખી જાતે જ પોલીસ કંટ્રોલને ફોન કર્યા હતો. જેથી હરકતમાં આવેલા ડી.ઈ.ઓ. ઝાલા તથા સ્ટાફ દોડતા થઈ ગયા હતા. જયારે પરીક્ષા કેન્દ્રમાં લગાવેલા સી.સી.ટીવી કેમેરાનું દ્રશ્ય અત્યંત નબળુ તેમજ તમામ પરીક્ષા આપતા ઉમેદવારોનો સમાવેશ સી.સી.ટીવી ફૂટેજમાં થતો ન હોવાનું બહાર આવતાં અગાઉથી જ મોટાપાયે ઉમેદવારો સાથે સેટીંગ થયાની આશંકાને આડકતરૂ સમર્થન મળી રહ્યું છે. રાજયના શિક્ષણ મંત્રી તેમજ મુખ્ય મંત્રીએ આ બનાવને ગંભીરતાપૂર્વક લઈ જવાબદાર અધિકારીઓ તેમજ કેન્દ્રના જવાબદારો સામે દાખલારૂપ સજા કરવી જોઈએ તેવું અનેક ઉમેદવારોએ જણાવ્યું છે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપ વટભેર જીતશે : ફળદુ

ગાંધીનગર, તા. ૨૯

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પદાધિકારીશ્રીઓ, સરકારના મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, બોર્ડ-નિગમના ચેરમેન-વાઈસ ચેરમેનશ્રીઓ તેમજ જીલ્લા/મહાનગરના પદાધિકારીઓની આજરોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે મળેલ પ્રદેશ બેઠકને અધ્યક્ષ સ્થાનેથી સંબોધતા પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ આવી રહી છે. આપણે સૌ ચૂંટણીના મોડમાં આવી ગયા છીએ. તેથી સૌ કાર્યકરો ચૂંટણીના કાર્યક્રમોમાં જોડાઈ જઈને ચૂંટણીઓ જીતી જઈએ. ગુજરાતમાં ભાજપની સરકારે સમાજ જીવનના બધા વર્ગોમાં સંવાદિતા પ્રસ્થાપિત કરી છે. ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ વિકાસના નક્કર મુદ્દાઓ ઉપર ભાજપા વટભેર જીતશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ગુજરાતમાં ચાલતા વિવિધ સમાજની અનામત માંગણીનો ઉલ્લેખ કરતાં પ્રદેશ અધ્યક્ષશ્રીએ બંધારણીય અને વૈદ્યાનિક બાબતોની સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, સુપ્રિમ કોર્ટના ચુકાદાઓની ગાઈડલાઈન મુજબ ૫૦ ટકા કરતાં વધારે અનામત આપી શકાય નહીં. હાલમાં એસ.સી., એસ.ટી., સામાજીક શૈક્ષણિક પછાત વર્ગની કુલ અનામત લગભગ ૫૦ ટકા જેટલી થવા જાય છે. સુપ્રિમ કોર્ટની આ ગાઈડલાઈન હોવા છતાં રાજસ્થાન, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, તામિલનાડુ જેવા રાજ્યોએ અને કેન્દ્ર સરકારે પણ જુદા જુદા સમાજો માટે અનામતમાં જે તે સમયે ફેરફારો કર્યા. પરંતુ જુદા જુદા રાજ્યોની હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટે આ બધા જ ફેરફારો અમાન્ય કરેલ છે. સુપ્રિમ કોર્ટે વધુમાં જણાવેલ છે કે, કોઈ પણ જ્ઞાતિએ તેમના માટે પછાત વર્ગની અનામતની માંગણી કરવી હોય તો કેન્દ્રીય કે રાજ્યના સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ પંચ સમક્ષ રજૂઆત કરવી જોઈએ.


## જાહેર નિવિદા

માહિતી કમિશનરશ્રીની કચેરીના ઉપયોગ સારૂ ગાંધીનગર - અમદાવાદથી પ્રસિદ્ધ થતાં વર્તમાનપત્રોમાંથી માગ્યા મુજબ વિવિધ વિષયોને લગતા અખબારી અહેવાલો કટિંગ - પેસ્ટીંગ કરી નિયત સ્થળે પહોંચતા કરવાના કામમાં રસ ધરાવનારાઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. આ અંગેનું ટેન્ડર ફોર્મ તા. ૩૦/૭/૨૦૧૫થી કામકાજના દિવસો દરમિયાન સવારે ૧૧.૩૦ થી ૧૩.૩૦ દરમિયાન રૂબરૂમાં રૂપિયા ૫૦૦/- રોકડા ભરીને માહિતી કરમિશનરશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, પહેલો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરીએથી મળશે. ભરેલા ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા. ૨૦/૮/૨૦૧૫ સમય ૧૫.૩૦ કલાકનો રહેશે.

**માહિતી/૧૦૨૭/૨૦૧૫-૧૬** **માહિતી કમિશનરશ્રી**

ટચૂકડી જાહેર ખબર

**વેચવાની છે**

કોમર્શીયલ જમીન

૫૬ ફૂટ X ૧૬ ફૂટ, ૧ ચો.ફૂટના રૂ. ૭૦૦૦-૦૦, ગ્રાઉન્ડ ફ્લોરમાં બાંધકામ છે. પાંચ FSI મળી શકે. કાર પાર્કીંગની જગ્યા. સે.૩૦ મેઈન શોપીંગમાં જંત્રી ભાવ મુજબ દસ્તાવેજ કરી વેચાણ આપવાની છે.

**ફોન : ૯૬૬૨૩૫૮૪૪૦**

**જગ્યા ભાડે આપવાની છે**

(શો-રૂમ, બેન્ક, ઑફિસ લાયક)

પ્રથમ માળ-૧૪૦૦ ફૂટ, બીજે માળ-૧૩૦૦ ફૂટ

ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર

મો. ૯૮૭૯૫ ૨૩૮૬૦